નવ મહાનગરપાલિકાના પટાવાળા વર્ગ-૪ની મુદ્દત લંબાવવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: WCDD/DRA/e-file/23/2026/0535/B1
સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધાઃ-**

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: WCDD/NIE/e-file/23/2025/0069/B1 તા.૧૬/૦૪/૨૦૨૫

(૨) કમિશ્નરશ્રી(આઇ.સી.ડી.એસ)ની કચેરીનો તા.૧૪/૦૪/૨૦૨૬નો પત્ર ક્રમાંક:ICDS/0226/04/2026

**આમુખ**

વંચાણે લીધા (૧) પરના ઠરાવથી નવ નવી મહાનગરપાલિકાના પટાવાળા વર્ગ-૪ની કુલ- ૦૯ જગ્યાઓને આઉટસોર્સથી મેળવવાની મંજુરી આપવામાં આવેલ હતી. આ જગ્યાઓની મુદ્દત તા.૧૬/૦૩/૨૦૨૬ના રોજ પૂર્ણ થઇ ગયેલ છે.પરંતુ ઉક્ત નવ નવી મહાનગરપાલિકા ખાતે કચેરી કાર્યરત ન હોવાથી સદર પટાવાળા વર્ગ ૪ ની જગ્યાની મુદત વધુ ૧૧ માસ (તા.૧૭/૦૩/૨૦૨૬ થી તા.૧૬/૦૨/૨૦૨૭) સુધી મેળવવા વંચાણે લીધા ક્રમાંક (૨) હેઠળના પત્રથી કમિશ્નરશ્રી(આઇ.સી.ડી.એસ)ની કચેરીના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી.જે દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.જે પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**//ઠરાવ//**

નવ મહાનગરપાલિકા (નવસારી, ગાંધીધામ, મોરબી, વાપી, આણંદ, મહેસાણા, નડીયાદ, પોરબંદર, સુરેન્દ્રનગર) ખાતે પ્રોગ્રામ અધિકારીશ્રીની કચેરીમાં ૦૯ પટાવાળાની આઉટસોર્સની સેવાઓ મુદત પૂર્ણ થયા તા.૧૬/૦૩/૨૦૨૬ થી વધુ ૧૧ માસ માટે એટલે કે, તા.૧૭/૦૩/૨૦૨૬ થી તા.૧૬/૦૨/૨૦૨૭ સુધી નીચેની શરતોને આધીન સરકાર માન્ય એજન્સી મારફત આઉટસોર્સથી મેળવવાની મંજુરી આપવામાં આવે છે.

(૧) લઘુત્તમ વેતનધારા અધિનિયમ, ૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૭/૦૩/૨૦૨૩ના જાહેરનામા તથા તેને આનુષાંગિક ઠરાવો/પરિપત્રો ધ્યાને લઇ બહાર પાડવામાં આવેલ લઘુત્તમ વેતન જેટલા જ મહેનતાણા ચુકવવાના રહેશે.

(૨) આ સેવાઓ વખતો-વખત મેળવવાની થાય તો સેવાની મુદત લંબાવવાની દરખાસ્ત મુદત પુરી થવાના ૨ (બે) માસ અગાઉ નાણા વિભાગને રજૂ કરી વધુ ૧૧ માસ માટે સેવા મેળવવાની મંજુરી મેળવી લેવાની રહેશે.

(૩) જરૂર જણાયે આઉટસોર્સથી સેવાઓ મેળવતા મેનપાવરના માસિક મહેનતાણાની ગણતરી માટે શ્રમ આયુકતની કચેરીના તા. ૦૧/૦૪/૨૦૨૩ના પરિપત્રમાં દર્શાવેલ વિગતવાર ગણતરી પત્રકનો આધાર લેવાનો રહેશે. વધુમાં, લઘુત્તમ વેતનધારા અધિનિયમ, ૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવતી સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૪/૦૫/૨૦૨૬ ની નોંધ પર મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આર.આર. પ્રજાપતિ
સેક્શન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી (આઈસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંબંધિત મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન...........
- સંબંધિત પ્રોગ્રામ અધિકારીશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન...........
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર/અમદાવાદ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાયબ સેક્શન અધિકારીશ્રીની સિલેક્ટ ફાઈલ.
- શાખા સિલેક્ટ ફાઈલ-૨૦૨૬

Signature Not Verified
Signed by : Rakeshkumar Prajapati
Section Officer
Women and Child Development Department
Date : 2026.06.30 18:02:11 IST

File No: WCDD/DRA/e-file/23/2026/0535/B1 Branch
Approved By: Deputy Secretary,B1 Branch,WCDD

Open the document in Adobe Acrobat DC to verify the E-sign